# સ્પોર્ટ્સ લાઇન

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ, સુરત

૧૨ મંગળવાર ૨૯ એપ્રિલ, ૨૦૨૫


IPL 2025




આજની મેચ DC v/s KKR ▶ સમયઃ સાંજે 7.30 વાગ્યે ▶ સ્થળ: દિલ્હી

| ટીમ | મેચ | જીત | હાર | પોઇન્ટ | રન રેટ |
|---|---|---|---|---|---|
| RCB | 10 | 07 | 03 | 14 | 0.521 |
| MI | 10 | 06 | 04 | 12 | 0.889 |
| GT | 09 | 06 | 03 | 12 | 0.748 |
| DC | 09 | 06 | 03 | 12 | 0.482 |
| PBKS | 09 | 05 | 03 | 11 | 0.177 |
| LSG | 10 | 05 | 05 | 10 | -0.325 |
| KKR | 09 | 03 | 05 | 07 | 0.212 |
| RR | 10 | 03 | 07 | 06 | -0.349 |
| SRH | 09 | 03 | 06 | 06 | -1.103 |
| CSK | 09 | 02 | 07 | 04 | -1.302 |

# વૈભવ સૂર્યવંશીએ 14 વર્ષની વયે IPLમાં સદી ફટકારી ઇતિહાસ રચ્યો

**35 બોલમાં** સદી સાથે વૈભવ IPLમાં સૌથી ઝડપી સદી ફટકારનારો ભારતીય, ઓવરઓલ ગેલ પછી બીજા ક્રમે

**વૈભવે** 17 બોલમાં અર્ધસદી પૂરી કરી તેની સાથે તે ટી-20 ફોર્મેટમાં અર્ધસદી ફટકારનારો સૌથી યુવા ખેલાડી પણ બન્યો

જયપુર, તા. 28 : રાજસ્થાન રોયલ્સના 14 વર્ષીય વૈભવ સૂર્યવંશીએ ગુજરાત ટાઇટન્સ સામે માત્ર 35 બોલમાં સદી ફટકારી હતી તેની સાથે જ તે 14 વર્ષ અને 32 દિવસની વય સાથે સૌથી યુવા વયે આઇપીએલ સદી ફટકારનાર ખેલાડી બન્યો હતો.



આ ઉપરાંત તેની આ સદી ભારતીય ખેલાડી તરીકે આઇપીએલની સૌથી ઝડપી સદી હતી, જ્યારે ઓવરઓલ તે બીજા ક્રમની સૌથી ઝડપી સદી રહી હતી. આઇપીએલમાં સૌથી ઝડપી સદીનો રેકોર્ડ ક્રિસ ગેલના નામે છે, જેણે 2013માં પૂણે વોરિયર્સ સામે 30 બોલમાં સદી ફટકારી હતી. વૈભવ 38 બોલમાં 101 રન બનાવીને આઉટ થયો. આ પહેલા 17 બોલમાં અડધી સદી ફટકારીને વૈભવ ફક્ત આઇપીએલમાં જ નહીં પરંતુ ટી-20 ક્રિકેટમાં પણ સૌથી યુવા ખેલાડી બની ગયો હતો. તેણે આ બાબતમાં રાયન પરાગને પાછળ છોડી દીધો હતો.

વૈભવ સૂર્યવંશીએ તે જ ઓવરના છેલ્લા બોલ પર ચોગ્ગો ફટકાર્યો અને 17 બોલમાં પોતાની અડધી સદી પૂર્ણ કરી. તે IPLમાં અર્ધસદી ફટકારનાર સૌથી નાની ઉંમરનો ખેલાડી બન્યો. વૈભવ 18મી સીઝનમાં સૌથી ઓછા બોલમાં અડધી સદી ફટકારનાર ખેલાડી પણ બન્યો.

તેણે નિકોલસ પૂરનનો રેકોર્ડ તોડ્યો, જેણે 18 બોલમાં અડધી સદી ફટકારી હતી. વૈભવે રાજસ્થાન રોયલ્સ વતી બીજી સૌથી ઝડપી સદી ફટકારી હતી જ્યારે સાથે જ તેણે પોતાની ઈનિંગમાં 11 છગ્ગા ફટકારીને રાજસ્થાન રોયલ્સ વતી એક ઈનિંગમાં સર્વાધિક છગ્ગા ફટકારવાનો સંજૂ સેમસનનો રેકોર્ડ તોડ્યો હતો. સેમસને એક ઈનિંગમાં 10 છગ્ગા ફટકાર્યા હતા.

### આઇપીએલમાં સૌથી ઝડપી સદી ફટકારનાર ખેલાડીઓ

| ખેલાડી | ટીમ | બોલ | હરીફ | વર્ષ |
|---|---|---|---|---|
| ક્રિસ ગેલ | રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર | 30 | પુણે વોરિયર્સ | 2013 |
| વૈભવ સૂર્યવંશી | રાજસ્થાન રોયલ્સ | 35 | ગુજરાત ટાઇટન્સ | 2025 |
| યુસુફ પઠાણ | રાજસ્થાન રોયલ્સ | 37 | મુંબઇ ઇન્ડિયન્સ | 2010 |
| ડેવિડ મિલર | કિંગ્સ ઇલેવન પંજાબ | 39 | રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ | 2013 |
| ટ્રેવિસ હેડ | સનરાઇઝર્સ હૈદરાબાદ | 39 | રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ | 2024 |

## વૈભવની વિક્રમી સદીથી રાજસ્થાને ગુજરાતને હરાવ્યું

**ગીલ** અને બટલરની અર્ધસદી અને બંને વચ્ચેની ભાગીદારીથી ગુજરાતે 209 રન બનાવ્યા

**વૈભવ** સૂર્યવંશીએ 35 બોલમાં સદી ફટકારતા રાજસ્થાન રોયલ્સે 15.5 ઓવરમાં બે વિકેટે લક્ષ્યાંક આબી લીધો



જયપુર, તા. 28 : આઇપીએલમાં આજે સોમવારે અહીં રમાયેલી એક મેચમાં રાજસ્થાન રોયલ્સના 14 વર્ષિય વૈભવ સૂર્યવંશીએ તોફાની બેટિંગ કરીને માત્ર 35 બોલમાં સદી ફટકારીને આઇપીએલ ઇતિહાસમાં સદી ફટકારનારો સૌથી યુવા ખેલાડી બન્યો હતો અને તેની આ સદીની મદદથી રાજસ્થાન રોયલ્સે 210 રનનો લક્ષ્યાંક 15.5 ઓવરમાં બે વિકેટે આંબી લઇને મેચ આઠ વિકેટે જીતી લીધી હતી.

લક્ષ્યાંક આંબવા મેદાને ઉતરેલા રાજસ્થાનના ઓપનર વૈભવ અને જયસ્વાલે મળીને ટીમને તોફાની શરૂઆત અપાવીને પાવરપ્લેમાં બોર્ડ પર 87 રન મૂકી દીધા હતા. આ બંનેમાં વૈભવે વધુ આક્રમક બેટિંગ કરી હતી. તેણે 17 બોલમાં અર્ધસદી પૂરી કરી હતી અને 35 બોલમાં સદી ફટકારી દીધી હતી. વૈભવ અને જયસ્વાલે 11.5 ઓવરમાં બોર્ડ પર 166 રન મૂકી દીધા હતા અને વૈભવ 38 બોલમાં 11 છગ્ગા અને સાત ચોગ્ગા સાથે 101 રન કરીને આઉટ થયો હતો. જયસ્વાલ 40 બોલમાં 70 અને રિયાન પરાગ 15 બોલમાં 32 રન કરીને નોટઆઉટ રહ્યા હતા.

| ગુજરાત ટાઇટન્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| સુદર્શન કો.પરાગ બો.તિક્શાના | 39 | 30 | 4 | 1 |
| ગીલ કો.પરાગ બો.તિક્શાના | 84 | 50 | 5 | 4 |
| બટલર નોટઆઉટ | 50 | 26 | 3 | 4 |
| સુંદર કો.હેટમાયર બો.સંદીપ | 13 | 8 | 0 | 1 |
| તેવટિયા LB બો.આર્ચર | 9 | 4 | 0 | 1 |
| શાહરૂખ નોટઆઉટ | 5 | 2 | 1 | 0 |
| કુલ (20 ઓવરમાં ચાર વિકેટે) 209 | | | | |

**વિકેટપતન :** 1/93, 2/167, 3/193), 4/202

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| જોફ્રા આર્ચર | 4 | 0 | 49 | 1 |
| મહિષ તિક્શાના | 4 | 0 | 35 | 2 |
| યદુવિર સિંહ | 3 | 0 | 38 | 0 |
| સંદીપ શર્મા | 4 | 0 | 33 | 1 |
| રિયાન પરાગ | 1 | 0 | 14 | 0 |
| વનિન્દુ હસરંગા | 4 | 0 | 39 | 0 |

| રાજસ્થાન રોયલ્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| જયસ્વાલ નોટઆઉટ | 70 | 40 | 9 | 2 |
| વૈભવ બો.પ્રસિદ્ધ | 101 | 38 | 7 | 11 |
| નીતિશ LB બો.રાશિદ | 4 | 2 | 1 | 0 |
| પરાગ નોટઆઉટ | 32 | 15 | 2 | 2 |
| કુલ (15.5 ઓવરમાં બે વિકેટે) 212 | | | | |

**વિકેટપતન :** 1/166, 2/171

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મહંમદ સિરાજ | 2 | 0 | 24 | 0 |
| ઇશાંત શર્મા | 2 | 0 | 36 | 0 |
| વોશિંગ્ટન સુંદર | 1.5 | 0 | 34 | 0 |
| પ્રસિદ્ધ કૃષ્ણ | 4 | 0 | 47 | 1 |
| રાશિદ ખાન | 4 | 0 | 24 | 1 |
| કરીમ જનાત | 1 | 0 | 30 | 0 |
| સાઇ કિશોર | 1 | 0 | 16 | 0 |

# શાહિદ આફ્રિદીએ ભારતીય સૈન્યને અપમાનિત કરતું નિવેદન કરતા શિખર ધવને ઝાટક્યો

**આફ્રિદીએ** ભારતીય સૈન્યની હાજરી છતાં હુમલો થવા અંગે ટીપ્પણી કરી, ધવને કહ્યું તારા દેશની પ્રગતિમાં તારી બુદ્ધિ લગાવ

નવી દિલ્હી, તા. 28 : પાકિસ્તાનમના માજી કેપ્ટન શાહિદ આફ્રિદીએ પહેલગામ આતંકવાદી હુમલા માટે ભારતીય સેનાને જવાબદાર ઠેરવી હતી. એક પાકિસ્તાની ન્યૂઝ ચેનલ પર બોલતા, આફ્રિદીએ ભારતીય સેનાને નકામી ગણાવીને નોંધ્યું કે કાશ્મીરમાં ભારે તૈનાતી હોવા છતાં, હુમલો થયો હતો. તેની સામે શિખર ધવને આકરી પ્રતિક્રિયા આપીને તેને ઝાટક્યો હતો. શિખર ધવને શાહિદ આફ્રિદી પર પ્રહારો કર્યા છે. તેણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને લખ્યું હતું કે અમે તમને કારગિલમાં પણ હરાવ્યા હતા. તમે પહેલાથી જ આટલા નીચે પડી ગયા છો, તમે કેટલા નીચે જશો? નકામી ટિપ્પણીઓ કરવાને બદલે, તમારા દેશની પ્રગતિ માટે તમારી બુદ્ધિનો ઉપયોગ કરો તો વધુ સારું રહેશે.

# પાવર કટના કારણે મેડ્રિડ ઓપનમાં રમત સ્થગિત, દિમિત્રોવની મેચ અટકી



**પાવર** કટ પહેલા કોકો ગફે બેલિન્ડા બેનસિચને જ્યારે મીરા એન્ડ્રીવાએ યુલિયા સ્ટારોડુબત્સેવાને હરાવી

મેડ્રિડ, તા. 28 - સ્પેન અને પોર્ટુગલના કેટલાક ભાગોને અસર કરી રહેલા નોંધપાત્ર પાવર કટને કારણે મેડ્રિડ ઓપન ટેનિસ ટૂર્નામેન્ટમાં રમત સ્થગિત થઇ હતી. સોમવારે વિશ્વની ચોથી ક્રમાંકિત કોકો ગફ અને ઉભરતી રશિયન સ્ટાર મીરા એન્ડ્રીવાએ ક્વાર્ટર ફાઇનલમાં સ્થાન મેળવ્યા પછી શહેરમાં પાવર કટ થતાં મેડ્રિડ ઓપનમાં રમત સ્થગિત કરવામાં આવી હતી. પોર્ટુગીઝ વીજળી નેટવર્ક ઓપરેટર REN અનુસાર સમગ્ર ઇબેરિયન દ્વીપકલ્પ અને ફ્રાન્સના ભાગ ને અસર કરતા પાવર કટના કારણે સવારે 10.30 વાગ્યા પછી થોડીવારમાં મેચો સ્થગિત કરવામાં આવી હતી. સેન્ટર કોર્ટ પર, બલ્ગેરિયાના ગ્રિગોર દિમિત્રોવ અને બ્રિટિશ ક્વોલિફાયર જેકબ ફર્નલી વચ્ચેની મેચ સ્થગિત કરવામાં આવી હતી. ATP એ તેની વેબસાઇટ પર જણાવ્યું હતું કે આઉટેજ ઇલેક્ટ્રોનિક લાઇન કોલિંગ સિસ્ટમ્સના ઉપયોગને અટકાવી રહ્યો છે અને મોનોલો સાન્ટાના સ્ટેડિયમની અંદર કોર્ટ પર એક સ્પાઇડર કેમ પણ લટકતો રહ્યો છે. પાવરકટ પહેલા ગફે સ્વિટ્ઝર્લેન્ડની બેલિન્ડા બેનસિચને 6-4, 6-2 થી હરાવી હતી. જ્યારે એન્ડ્રીવાએ પણ યુક્રેનિયન યુલિયા સ્ટારોડુબત્સેવાને 6-1, 6-4 થી હરાવીને આગેકૂચ કરી હતી.

# KKR સામે આજે મિડલ ઓવરોમાં સારી બેટિંગ પર દિલ્હીની નજર

**સાંજે 7.30** વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

નવી દિલ્હી, તા. 28 : આઇપીએલમાં આવતીકાલે મંગળવારે અહીં કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર) સામે રમાનારી મેચમાં દિલ્હી કેપિટલ્સ મિડલ ઓવરોમાં વધુ સારું બેટિંગ પ્રદર્શન કરવાનો પ્રયાસ કરશે. દિલ્હીએ તેમની છેલ્લી ચાર મેચોમાંથી બે હારી છે, જેમાં રવિવારે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામેની હારનો સમાવેશ થાય છે, અને ટીમ લીગ તબક્કાની અંતિમ મેચોમાં હાર ટાળવા માંગશે. ટોચના ક્રમમાં, અભિષેક પોરેલે આક્રમક વલણ સાથે બેટિંગ કરી છે પરંતુ પાછા ફર્યા પછી, અનુભવી ફાફ ડુ પ્લેસિસને અરુણ જેટલી સ્ટેડિયમની ધીમી પિચ પર સંઘર્ષ કરવો પડ્યો છે અને તેણે ઝડપથી તેની સાથે અનુકૂલન સાધવું પડશે.

લોકેશ રાહુલ વર્તમાન સિઝનમાં દિલ્હીનો સૌથી સફળ બેટ્સમેન રહ્યો છે પરંતુ રવિવારે તે સ્પિનરો સામે ઝડપી રન બનાવવામાં નિષ્ફળ રહ્યો હતો. તે સુનીલ નરિન અને વરુણ ચક્રવર્તીની અનુભવી સ્પિન જોડી સામે વધુ સારું પ્રદર્શન કરવા માંગશે.

# BCCI COEમાં સ્પિન કોચની ભૂમિકા માટે સુનિલ જોશી સૌથી મોટો દાવેદાર

**સુનિલ** જોશી ઉપરાંત ગુજરાતના રાકેશ ધ્રુવ અને વિદર્ભના પ્રીતમ ગાંધે અને મહિલા કોચ નુશીન અલ ખાદીરે પણ ઇન્ટરવ્યુ આપ્યા

નવી દિલ્હી, તા. 28 (પીટીઆઇ) : ભારતના માજી ડાબોડી સ્પિનર સુનીલ જોશીએ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ) સેન્ટર ઓફ એક્સેલન્સ (સીઓઇ) ખાતે સ્પિન બોલિંગ કોચ પદ માટે પોતાની ઉમેદવારી રજૂ કરી છે.

સીઓએ અગાઉ રાષ્ટ્રીય ક્રિકેટ એકેડમી (એનસીએ) તરીકે ઓળખાતું હતું. તે પહેલા બેંગલુરુના ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં સ્થિત હતું. આધુનિક સુવિધાઓથી સજ્જ, સીઓઇ બેંગલુરુ શહેરની બહર સ્થિત એક વિશાળ કેમ્પસમાંથી કાર્યરત છે. 1996થી 2002 દરમિયાન ભારત માટે 15 ટેસ્ટ અને 69 વનડે રમનાર 54 વર્ષીય જોશી હાલમાં પંજાબ કિંગ્સ આઇપીએલ ટીમમાં રિકી પોન્ટિંગ સાથે કામ કરી રહ્યો છે. તેણે સ્થાનિક સિઝન દરમિયાન ઉત્તર પ્રદેશને પણ કોચિંગ આપ્યું હતું. તેણે બાંગ્લાદેશ રાષ્ટ્રીય પુરુષ ટીમ સાથે સ્પિન બોલિંગ સલાહકાર તરીકે પણ કામ કર્યું છે.

બીસીસીઆઇના સૂત્રોના જણાવ્યા અનુસાર, જોશી સીઓઇના ક્રિકેટ વડા વીવીએસ લક્ષ્મણ, પુરુષ પસંદગી સમિતિના અધ્યક્ષ અજિત અગરકર અને જનરલ મેનેજર (ક્રિકેટ ઓપરેશન્સ) અબે કુરુવિલાની બનેલી ત્રણ સભ્યોની પેનલ સમક્ષ ઓનલાઇન ઇન્ટરવ્યુ માટે હાજર થયો હતો. ઇન્ટરવ્યુ માટે અન્ય ચાર ખેલાડીઓ પણ રૂબરૂ હાજર રહ્યા હતા, જેમાં ઇન્ડિયા અંડર-19 મહિલા ટીમના કોચ નૂશીન અલ ખાદીરનો પણ સમાવેશ થાય છે. તેના રમતના દિવસોમાં તે ઓફ સ્પિનર હતી. તેણે પાંચ ટેસ્ટ અને 78 વન ડેમાં દેશનું પ્રતિનિધિત્વ કર્યું છે અને છેલ્લા કેટલાક વર્ષોથી એનસીએ સિસ્ટમનો ભાગ છે. રાકેશ ધ્રુવને બીજા મજબૂત ઉમેદવાર માનવામાં આવી રહ્યા છે. તે ગુજરાત અને સૌરાષ્ટ્રનો માજી ડાબોડી સ્પિનર છે. વિદર્ભના અનુભવી ઓફ સ્પિનર પ્રીતમ ગાંધેએ પણ આ પદ માટે ઇન્ટરવ્યુ આપ્યો છે.

# લિવરપુલે સર્વાધિક 20મી વાર પ્રીમિયર લીગ ટાઇટલ જીતી રેકોર્ડની બરોબરી કરી

**ટોટનહામને** 5-1થી હરાવી લિવરપૂલે સર્વાધિકવાર પ્રીમિયર લીગ ટાઇટલ જીતવાના માન્ચેસ્ટર યુનાઇટેડના રેકોર્ડની બરાબરી કરી

**લિવરપુલના** 34 મેચમાં 84 જ્યારે આર્સેનલના એટલી જ મેચમાં 67 પોઇન્ટ હોવાથી તે લિવરપુલ સુધી નહી પહોંચી શકે



લિવરપુલ, તા. 28 (એપી) : અહીં રવિવારે રમાયેલી એકતરફી ઇંગ્લિશ પ્રીમિયર લીગ ફૂટબોલ મેચમાં ટોટનહામને 5-1થી હરાવીને લિવરપુલે 20મી વખત ટાઇટલ જીત્યું હતું અને તેની સાથે જ તેમણે સર્વાધિકવાર આ ટાઇટલ જીતવાના માન્ચેસ્ટર યુનાઇટેડના રેકોર્ડની બરાબરી કરી હતી.

ટોટનહામના ડોમિનિક સોલંકેના 12મી મિનિટે કરેલા ગોલથી શરૂઆતમાં જ પાછળ પડી જવા છતાં, લિવરપૂલે ચાહકોને નિરાશ ન કર્યા અને હાફ ટાઇમ સુધી 3-1ની લીડ મેળવીને તેમને ઉજવણી કરવાની તક આપી હતી. લુઇસ ડિયાઝે 16મી મિનિટે બરાબરીનો ગોલ કર્યો જ્યારે એલેક્સિસ મેક એલિસ્ટરે તેની આઠ મિનિટ પછી ટીમને સરસાઇ અપાવી હતી. કોડી ગોપીકોએ 34મી મિનિટે લિવરપૂલને 3-1થી આગળ કરી દીધું હતું. ઇન્ટરવલ પછી પણ ટીમનો દબદબો ચાલુ રહ્યો હતો અને અનુભવી મોહમ્મદ સાલાહે 63મી મિનિટે ગોલ કરીને ટીમને 4-1ની સરસાઇ પર મૂકી દીધી હતી.

ડેસ્ટિની ઉડોગીના આત્મઘાતી ગોલથી લિવરપૂલ 5-1થી આગળ થઇ ગયા પછી ટોટનહામ માટેવાપસીનો માર્ગ બંધ થઇ ગયો હતો.

### દક્ષિણ એશિયન યુવા ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં ભારતે 13 ગોલ્ડ મેડલ જીત્યા

કાઠમંડુ, તા. 28 (પીટીઆઇ) : ભારતે દક્ષિણ એશિયન યુવા ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં શાનદાર પ્રદર્શન કરીને 13 ગોલ્ડ અને ત્રણ સિલ્વર મેડલ જીત્યા હતા. રવિવારે આ વર્ષની યુથ એશિયન ચેમ્પિયનશિપની ક્વોલિફિકેશન સ્પર્ધામાં ભારતીય ખેલાડીઓએ વિવિધ કેટેગરીઓમાં પ્રભુત્વ મેળવ્યું હતું. ભારતીય ટીમે અંડર-19 ગર્લ્સ, અંડર-15 બોય્ઝ અને અંડર-15 ગર્લ્સ કેટેગરીમાં ત્રણ ગોલ્ડ મેડલ જીત્યા હતા. ભારતીય ખેલાડીઓએ અંડર-19 અને અંડર-15 ડબલ્સ અને મિક્સ ડબલ્સ ઇવેન્ટ્સ સહિત તમામ છ ગોલ્ડ મેડલ પણ જીત્યા હતા. આ ઉપરાંત, ભારતે અંડર-19 છોકરાઓ અને છોકરીઓની સિંગલ્સ ઇવેન્ટમાં ચાર ગોલ્ડ મેડલ જીત્યા હતા. ટીમ ઇવેન્ટ્સમાં, પ્રિથા વર્તિકર, અનન્યા ચંદે, હાર્દિક પટેલ અને દિયા બ્રહ્મચારીએ નેપાળને 3-1થી હરાવીને અંડર-19 ગર્લ્સ ગોલ્ડ મેડલ જીત્યો હતો.

# ફોરેસ્ટને હરાવી માન્ચેસ્ટર સિટી એફએ કપ ફાઇનલમાં

**ઈંગ્લીશ** પ્રીમિયર લીગ ટાઇટલ રેસમાંથી બહાર થયાના દિવસે જ ફોરેસ્ટને હરાવી સિટીએ ફાઇનલમાં સ્થાન મેળવ્યું


**એફએ** કપની ફાઇનલમાં માન્ચેસ્ટર સિટીનો મુકાબલો 17મેએ ક્રિસ્ટલ પેલેસ સાથે થશે

લંડન, તા. 28 (એપી) : કોચ પેપ ગાર્ડિઓલાના નેતૃત્વ હેઠળ માન્ચેસ્ટર સિટીની સૌથી ખરાબ સિઝનનો અંત પણ ટ્રોફી સાથે થઇ શકે છે કારણ કે ટીમે રવિવારે વેમ્બલી સ્ટેડિયમ ખાતે નોટિંઘમ ફોરેસ્ટને 2-0થી હરાવીને સતત ત્રીજા વર્ષે એફએ કપ ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. સત્તાવાર રીતે ઇંગ્લિશ પ્રીમિયર લીગ ટાઇટલ રેસમાંથી બહાર થઇ ગયા તે દિવસે જ માન્સેસ્ટર સિટીને આ સફળતા મળી હતી. જેને પગલે નિરાશાજનક રહેલી સીઝન વચ્ચે ચાહકોને ઉજવણી કરવા માટે કંઇક મળ્યું હતું. મેચની બીજી મિનિટે રિકો લુઇસે ટીમને લીડ અપાવી હતી જ્યારે ડિફેન્ડર જોસેકો ગાર્ડિઓલે 51મી મિનિટે કોર્નરથી હેડર કરીને સરસાઇ બમણી કરી હતી. ફોરેસ્ટની ટીમે તે પછી ગોલ કરવાની ત્રણ તકો ઊભી તો કરી હતી પરંતુ ટીમ તેમાંથી એકને પણ ગોલમાં રૂપાંતરિત કરવામાં સફળ રહી નહોતી. સિટી અગાઉ ચેમ્પિયન્સ લીગમાં પણ અંતિમ 16 તબક્કામાં પહોંચવામાં નિષ્ફળ ગયું હતું. એફએ કપ ફાઇનલમાં તેઓ ક્રિસ્ટલ પેલેસ સામે ટકરાશે. આ મેચ 17 મેના રોજ રમાશે.

## સુડોકુ - ૬૨૦૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૩ | ૮ | ૨ | | | ૬ | | ૪ |
| ૯ | | | | | | | ૭ | |
| | | | ૧ | ૯ | | ૨ | ૩ | |
| | | | ૯ | ૨ | | ૩ | ૮ | ૭ |
| ૮ | ૯ | | | ૧ | ૪ | ૫ | ૨ | |
| | | ૭ | ૬ | ૮ | ૩ | | ૪ | |
| | | ૨ | | ૪ | | ૭ | | |
| | ૮ | | | | | | | |
| ૩ | | | ૫ | ૭ | | ૯ | ૧ | ૮ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### કાયમી શરદી

સૂંઠ અને ગંઠોડા ચૂર્ણ સરખે ભાગે ભેળવી લો. ઘી અને ગોળ ભેળવી ધીમા તાપે ગરમ કરો અને તેમાં ચૂર્ણ ભેળવી હલાવતા રહેવું. ગોળી વળે તેવું થાય એટલે ઉતારી લઇ વટાણા જેવડી ગોળીઓ કરવી. ઉપર દળેલું જીરું ભભરાવી ગોળીઓ ભરી લો. રોજ સવાર સાંજ બે બે કે ચાર ચાર ગોળી લેવી.

## આજનું પંચાંગ

**તા. 29/04/2025, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2081 **શાકે :** 1947
**વીર સંવત :** 2551 **માસ :** વૈશાખ
**તિથિઃ** સુદ: બીજ: 17:33
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક :** વૈશાખ:-09 **યોગ:** સૌભાગ્ય
**નક્ષત્ર :** કૃતિકા: 18:49 **કરણ :** બાવલ
**રાશિ :** વૃષભ (બ,વ,ઉ)
**દિવસ :** અશુભ- પરશુરામ જયંતી
**સુરતમાંસૂર્યોદય:** 06:11 **સુરતમાંસૂર્યાસ્ત** :19:01
**નવકારસી :** 06:59
**પારસી વર્ષ :** 1394, આદર માસનો 18મો રોજ
**મુસલમાન વર્ષ :** 1446 શવ્વાલ માસનો 30મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** રોગ, ઉદવેગ, ચલ, લાભ અમૃત, કાળ, શુભ, રોગ
**રાત્રિનાં ચોઘડિયાં:** કાળ, લાભ, ઉદવેગ, શુભ અમૃત, ચલ, રોગ, કાળ
**રાહુ કાળ :** બપોરે : 15:00 થી 16:30 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ):** પારિવારિક ધંધા-વ્યવસાયમાં પ્રગતિ થાય. ઉઘરાણી આવી શકે છે. સંતાનો બાબતે યોગ્ય નિર્ણય લેવાય.

**વૃષભ (બ,વ,ઉ,):** નોકરી માટેના ઇન્ટરવ્યુમાં સફળતા મળે. તમારા વ્યવહાર અને નવા વિચારોથી લોકો પ્રભાવિત થાય.

**મિથુન (ક,છ,ઘ):** પારીવારિક સમસ્યા પરેશાન કરે. નોકરી-ધંધા માટે પ્રવાસ થાય. વિશ્વાસઘાતથી સાવધાન રહેવું.

**કર્ક (ડ,હ):** મિત્રો સાથે આનંદ-પ્રમોદ થાય. જીવન સાથી સાથે તાલમેળ વધે. સંતાનોનો કામમાં પ્રગતિ થાય.

**સિંહ (મ,ટ):** નવા કામની શરૂઆત થાય. નવા ફેરફારથી નોકરીમાં રાહત થાય. આવક વધારવાની તક મળે.

**કન્યા (પ,ઠ,ણ):** ઘરમાં નાના સભ્યો તથા બાળકો પર ખાસ ધ્યાન રાખવું. વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણની તક મળે.

**તુલા (ર,ત):** કોઇની વાતોમાં આવવું નહી. તેમજ વડીલોની સલાહ માનવી, ખાવા-પીવામાં સાવધાની રાખવી.

**વૃશ્ચિક (ન,ય):** કોર્ટ, કચેરી અને સરકારી કામમાં મદદ મળે. જીવનસાથી સાથે વિવાદથી અશાંતિ વધે.

**ધન (ભ,ધ,ફ,ઢ):** નોકરીમાં સહકાર મળે. આરોગ્ય સુધરે વિજાતિય મિત્રોનો સાથ મળે. લેવડ-દેવડમાં સાવધાન.

**મકર (ખ,જ):** સંતાનોના કામમાં પ્રગતિ થાય. મિત્રો સાથે મનોરંજન થાય. અચાનક પ્રવાસથી અશાંતિ વધે.

**કુંભ (ગ,સ,શ,ષ):** સંપત્તિના સોદા થઇ શકે છે. નોકરીમાં ફેરફારથી રાહત થાય. સમાજમાં માન વધે.


**મીન (દ,ચ,ઝ,થ):** આર્થિક પ્રગતિની તક મળે. ભાડા અને દલાલીની આવક વધે. શુભ સમાચાર મળે.

## કોઇ પણ સાલમાં 29 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરીમાં પ્રમોશન કે પગાર વધારો થાય. નવી ટેકનોલોજીનો લાભ મળે. આર્થિક પ્રગતિ અને ઉઘરાણી આવવાથી નવી બચત યોજના બને. નોકરી-ધંધા-વ્યવસાયમાં હરીફો અને સરકારની નીતિની અસર માનસિક રીતે થાય. સમાજમાં પ્રગતિ થાય. ઉંમરલાયકના વિવાહ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. નવા ઘર, વાહન, મકાન, મિલકત, વારસા, જાયદાદ, જમીન વગેરે પ્રશ્નો વર્ષ દરમિયાન સરળતાથી પાર પડતો રહે. સંતાનોના કામમાં મિત્રો મદદરૂપ બને. વિદ્યાર્થીઓને મહેનતનું ફળ મળે. વિદેશના કામમાં પ્રગતિ થાય. આરોગ્ય સામાન્ય રહે. નવા નોકરી-ધંધા-વ્યવસાયમાં વડીલોની મદદ મળે. તેમજ અનુકૂળતાથી ઘરના કામમાં સમય ફાળવી શકાય. યાત્રા-પ્રવાસ-ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન જુલાઇમાં નોકરીમાં પ્રમોશન થઇ શકે છે. જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં આરોગ્યનું ધ્યાન રાખવું.

## શબ્દગુંફન - ૬૯૫૫

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**

૧. અવગણના, તિરસ્કાર (૫)
૪. પિતાના ભાઇ (૨)
૭. લીન, આસક્ત (૨)
૯. ભપકો, રોફ (૩)
૧૦. મનોહર, કોમળ (૩)
૧૨. લીન, ડૂબેલું (૪)
૧૪. એક દિવસની મજૂરી (૨)
૧૫. વાણી, બોલી (૨)
૧૬. કમનસીબ (૪)
૧૯. નુકસાન, ઠોકર (૨)
૨૦. મોટાઇ (૩)
૨૨. ટેક, આબરૂ (૨)
૨૩. લાગણી, ચીડ, વેર (૨)
૨૪. પારકું, અન્ય (૨)
૨૫. દરિયો, સમુદ્ર (૩)
૨૭. ફાયદો, ફતેહ (૪)
૨૯. અવાજ, ધ્વનિ (૩)
૩૨. જમીન ખોદવાનું ઓજાર (૩)
૩૪. ખોટી દાનત (૫)
૩૫. શ્રીકૃષ્ણ (૨)

**ઊભી ચાવી**

૧. પવન, વાયુ (૩)
૨. નવાઇ (૩)
૩. ટેવ, વ્યસન (૨)
૫. કીચડ (૩)
૬. રમી રહેલું (૪)
૮. મોરલો, મયૂર (૨)
૧૧. લહેજત, મજા (૩)
૧૨. હાથી (૨)
૧૩. એક ઘાસ(૨)
૧૪. રોગવાળું (૨)
૧૫. પૃથ્વીને વીટંળાઇ રહેલું વાયુનું આવરણ (૫)
૧૬. હરિકથા કરનાર (૪)
૧૭. હોંશ, બુદ્ધિ (૨)
૧૮. શ્રીકૃષ્ણ, શ્રી વિષ્ણુ (૨)
૨૦. લીન, ડૂબેલું (૩)
૨૧. માસીના પતિ (૨)
૨૪. પારકા પૈસા (૪)
૨૬. ખપ, જરૂર (૩)
૨૮. શરીર, દેહ (૨)
૩૦. છળ, પ્રપંચ (૩)
૩૧. શરીરની ઊંચાઇ (૨)
૩૩. ફરિયાદ (૨)

